અગત્યનું.
સમયમર્યાદા.

નં.ડીએ-હેડલાઈટ-પીળોપટ્ટો-ચેકીંગ. ૧૨૨૮૨
વાહન વ્યવહાર નિયામકની કચેરી,
ગુજરાત રાજય, અમદાવાદ.
તા. ૧૭-૧૨-૮૬

૨૫૮

પ્રતિ,
પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારી,
. . . . . . . . . . .

સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
. . . . . . . . . . . .

વિષયઃ- મોટર વાહનોની હેડલાઈટને પીળો પટ્ટો લગાડવા તથા આગળ પાછળ રીફલેકટર ફીટ કરવા બાબત.

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનુંકે મોટર વાહનોની આંખને આંજી દેતી ડેઝલીંગ હેડલાઈટો એ માર્ગ અકસ્માતો અંગેનું એક અગત્યનું કારણ છે. મુખ્ય સચિવશ્રીએ ટ્રાફિકને લગતા પ્રશ્નોની ચર્ચા માટે તા. ૨૯-૧૧-૮૬ ના રોજ બોલાવેલ બેઠકમાં મોટર વાહનોના ડેઝલીંગ લાઈટોને કારણે વ્યકિતને અંજાઈ જવાના જોખમથી અટકાવવા મોટર વાહનોની જમણા બાજુના હેડલાઈટને પીળા રંગથી રંગવા અંગે જરૂરી પગલાં લેવાં સુચના આપેલ. આ સુચના અન્વયે ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૨ ના પેટા-નિયમ(૨)થી મળેલ સતાની રૂએ ટુ વ્હીલર અને થ્રીવ્હીલર વાહનો સિવાયના મોટર વાહનોની જમણીબાજુના હેડ લેમ્પની સપાટીને અડધી બાજુએ પીળા રંગથી રંગવા અંગેનું જાહેરનામું બહાર પાડેલ છે.(નકલ સામેલ છે)

આપના રોજીંદામાં ફરતા તમામ મોટર વાહનો ઉપર સામેલ જાહેરનામામાં દર્શાવ્યા મુજબ જમણીબાજુના હેડલાઈટને પીળારંગથી રંગવા માટે તથા વાહનની પાછળ રીફલેકટર લગાડવા ખાનગી વ્યકિતને સાથે રાખી ઝુંબેશ શરુ કરવા અગાઉ આરટીઓ/એઆરટીઓ ની બેઠકમાં પણ આપને સુચના આપવામાં આવેલ હતી. તથા સંયુકત નિયામકશ્રી દ્વારા પણ આપને ફોન કરી સુચના આપવામાં આવેલ છે. મોટર વાહનોની હેડલાઈટ ઉપર પીળો પટ્ટો કરવા અંગેનો તથા રીફલેકટર અંગેનો ખર્ચ વાહન ચાલકો પાસેથી મેળવી સાથે રાખેલ રંગકરનાર તથા રિફલેકટર લગાડનાર ખાનગી વ્યકિતને બારોબાર ચુકવી આપવાનો રહેશે.

...૨...